Indian Journal of Social Sciences and Literature Studies
Vol. 12, Issue 1, June 2026
ISSN 2349-5634 (Print) ISSN 2455-0973 (online)

વારલી જનજાતિમાં શિક્ષણની સમસ્યા: સમાજશાસ્ત્રીય દ્રષ્ટીએ વિશ્લેષણ

લેખકો:

ડૉ. ગીતાબેન પાનિયાભાઈ ગામીત

આસિસ્ટંટ પ્રોફેસર(સમાજશાસ્ત્ર)

ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ સરકારી કોલેજ, સેલવાસ.

ડૉ. મધુભાઈ એન. ગાયકવાડ

સમાજશાસ્ત્ર વિભાગ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી, સુરત

સારાંશ :

જનજાતીય સમુદાય વિકાસની કક્ષાના અલગ અલગ બિંદુએ પોતાનું સામાજિક જીવન જીવે છે. જનજાતીય સમાજ આજે પણ અન્ય જૂથો કરતાં વિકાસની પ્રક્રિયાઓમાં મુખ્યધારાથી ઘણો પાછળ છે. જનજાતિઓ ખાદ્ય સંકલન, શિકાર, ખેતી, મજૂરી, ખેતમજૂરી અને પશુપાલનથી જીવનનિર્વાહ ચલાવે છે. નોકરી અને સારી આવકવાળા વ્યવસાયોમાં આજે પણ જનજાતિઓનું પ્રમાણ ઘણું ઓછું છે. આજના આધુનિક યુગમાં પણ જનજાતીય સમાજ જીવનમાં પરંપરાગત સામાજિક રૂઢીઓ અને ધાર્મિક માન્યતાઓનો પ્રભાવ જોવા મળે છે. આજના પરિવર્તન પામતા સમાજમાં જનજાતિઓની ઘણી સમસ્યાઓ છે. જનજાતિઓની શૈક્ષણિક સ્થિતિ અન્ય સમાજો કરતાં નબળી છે. નબળી આર્થિક સ્થિતિ, શોષણ, દેવું, ગરીબી અને બેરોજગારી તથા નબળું આરોગ્ય જેવી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. શિક્ષણ દ્વારા સમાજનો વિકાસ કરી શકાય છે અને સમાજમાં પરિવર્તન લાવી શકાય છે. વારલી જનજાતિમાં નિરક્ષરતા ૨૮.૫૨% જેટલી છે. વારલી જનજાતિમાં શિક્ષિત વ્યક્તિઓમાં પણ પ્રાથમિક શિક્ષણ મેળવેલા વધુ છે જયારે માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ અને અન્ય પ્રકારનું શિક્ષણ ઓછું જોવા મળે છે. પ્રસ્તુત અભ્યાસમાં વારલી જનજાતિમાં શિક્ષણની સ્થિતિ તપાસવામાં આવી છે. વારલી જનજાતિમાં શિક્ષણની નબળી સ્થિતિના કારણોમાં શિક્ષણના મહત્વ વિશે ઓછી જાગૃતતા, નબળી આર્થિક સ્થિતિ, માતા-પિતાની ઓછી સજાગતા, નાપાસ થયા પછી બાળકોનું શાળામાં ન જવું. કુટુંબની આવકમાં મદદ કરવા કંપનીમાં કામદાર તરીકે જોડાઈ જવું વગેરે કારણો જોવા મળે છે.

ચાવીરૂપ શબ્દો:

વારલી જનજાતિ, શિક્ષણ, સાક્ષરતા દર, સમસ્યાઓ, તારપાનૃત્ય, વારલી પેઈન્ટીંગ

પ્રસ્તાવના:

જનજાતિઓ ભારતીય સમાજનું અભિન્ન અંગ છે. આદિવાસી સમાજ આજે પણ મુખ્ય પ્રવાહથી અને વિકાસની પ્રક્રિયાઓમાં મુખ્યધારાથી ઘણો પાછળ રહેવા પામ્યો છે. જનજાતિઓની સમસ્યાઓ અન્ય સમાજોથી અલગ પ્રકારની છે. આજના સમયમાં પણ આ જનજાતિ પરંપરાગત વ્યવસાયો જેવા કે, ખાદ્ય સંકલન, શિકાર, ખેતી, મજૂરી, ખેતમજૂરી અને પશુપાલનથી જીવનનિર્વાહ ચલાવે છે. નોકરી અને સારી આવકવાળા વ્યવસાયોમાં જનજાતિઓનું પ્રમાણ ઘણું ઓછું છે. તેનું એક કારણ એ પણ છે કે, આજના આધુનિક યુગમાં પણ જનજાતિઓના સમાજ જીવનમાં પરંપરાગત સામાજિક રૂઢીઓ અને ધાર્મિક માન્યતાઓ ઘણી અગત્યતા ધરાવે છે. આજના આધુનિક અને પરિવર્તન પામતા સમાજમાં જનજાતિઓની ઘણી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. જેમ કે, જનજાતિઓની શૈક્ષણિક સ્થિતિ અન્ય સમાજો કરતાં નબળી છે, તેમજ તેઓ નબળી આર્થિક સ્થિતિ, શોષણ, દેવું, ગરીબી અને બેરોજગારી તથા નબળું આરોગ્ય જેવી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. શિક્ષણ દ્વારા સમાજનો વિકાસ કરી શકાય છે અને સમાજમાં પરિવર્તન લાવી શકાય છે.

દુબે, ગિરિજાપ્રસાદે (૨૦૧૦) "ભારતીય જનજાતિ"-નૃવૈજ્ઞાનિક દ્રષ્ટિમેં પુસ્તકમાં રાજી જનજાતિની સ્થિતિ અને વિવિધ સમસ્યાઓ જેવી કે, વસ્તીશાસ્ત્રીય સ્થિતિ, શૈક્ષણિક મનોવૃત્તિ, સ્વાસ્થ્ય સુવિધાઓ, જાદુ-ટોણાંની પ્રવૃત્તિઓ રહેઠાણની સુવિધા, ધાર્મિક, સાંસ્કૃતિક અને મનોરંજનાત્મક સુવિધાઓનું નિરીક્ષણ અને દેવાનો અભ્યાસ કર્યો છે. તેઓ વધુમાં જણાવે છે તેમ, રાજી જનજાતિઓમાં રોજગારની સમસ્યા સૌથી વધુ જોવા મળે છે. ૧૨૦ માંથી ૧૦૨ પરિવારો ગરીબીરેખા નીચે જીવે છે. તેમના ક્ષેત્રમાં સ્વાસ્થ્ય સેવાની સુવિધા નજીવી જેવી જોવા મળે છે. ગરીબીના લીધે આ જનજાતિના લોકો ઉચ્ચ શિક્ષણમાં તેમને રસ ધરાવતા જોવા મળતા નથી.

વારલી જનજાતિ :

વારલી એક એવો જનજાતિય સમુદાય છે જે પશ્ચિમ ભારતમાં ખાસ કરીને મહારાષ્ટ્ર, ગુજરાત, દાદરા અને નગર હવેલી તથા કર્નાટકમાં વસે છે. વારલી જનજાતિના લોકો મોટેભાગે ગુજરાતના વલસાડ, ડાંગ, નવસારી, તાપી તથા દાદરા નગર હવેલી અને મહારાષ્ટ્રમાં પાલઘર, થાણે, નાસિકના વિસ્તારોમાં કેન્દ્રિત થયેલા જોવા મળે છે. વારલી જનજાતિ તેમના પ્રકૃતિમય સાદગીભર્યા જીવન માટે જાણીતા છે. ભારતની ટોચની પરંપરાગત લોકકળાઓમાં વારલી પેઈન્ટીંગ ઘણી પ્રચલિત છે. તેમનું તારપા વાદ્ય વગાડીને કરવામાં આવતું 'તારપા નૃત્ય' ઘણું જાણીતું છે. તેઓ પ્રકૃતિ સાથે તાદાત્મ્ય ધરાવે છે. ખેતીને લગતાં વિધિવિધાનો, બળદ અને હળની પૂજા, કંસેરી, નારણદેવ, હિરવાદેવ, માવલીદેવ વગેરે પ્રાકૃતિક દેવી-દેવતાઓની પૂજા કરે છે.

સાક્ષરતા દર :

સાક્ષરતા દર એટલે સાત વર્ષ કે તેથી વધુ વયના અને લખી વાંચી શકતા હોય તથા પાયા અંકોની ગણતરી આવડતી હોય તેવા લોકોની ટકાવારી. બીજી રીતે કહીએ તો કુલ વસ્તીમાં જેમણે પાયાનું શિક્ષણ લીધું હોય લખતાં –વાંચતા આવડતું હોય અને અંકગણિતનું જ્ઞાન ધરાવતા હોય તેવા લોકોની ટકાવારી એટલે સાક્ષરતા દર કહેવામાં આવે છે.

પ્રસ્તુત સંશોધન પેપર નીચે મુજબ મુખ્યત્વે બે હેતુઓને ધ્યાનમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે :

૧) ભારતમાં અને ભારતના જનજાતિમાં શિક્ષણની સ્થિતિ વિશે જાણકારી મેળવવી.

૨) વારલી જનજાતિમાં શિક્ષણ સંબંધિત સમસ્યાઓ તપાસવી.

સંશોધનની અભ્યાસપધ્ધતિ:

અહીં ભારતનો શિક્ષણ દર અને ભારતની જનજાતિઓમાં શિક્ષણ દર જાણીને વારલી જનજાતિમાં શિક્ષણની સ્થિતિ જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ભારતનો શિક્ષણ દર અને ભારતની જનજાતિઓમાં શિક્ષણ દર જાણવા માટે દસ્તાવેજી માહિતીનો આધાર લેવામાં આવ્યો છે. વારલી જનજાતિ વિશેની જાણકારી મેળવવા માટે પૂર્વે થયેલા સંશોધનો અને સંદર્ભ સાહિત્યનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જ્યારે પ્રાથમિક માહિતી મુલાકાત પદ્ધતિ, મુલાકાત અનુસૂચિ અને નિરીક્ષણ પદ્ધતિ અને આ વિસ્તારમાં વર્ષોથી રહેવાથી અનુભવ દ્વારા પ્રાપ્ત કરવામાં આવી છે. અભ્યાસના વિસ્તાર તરીકે દાદરા અને નગર હવેલી સંઘપ્રદેશના અથોલા ગામની પસંદગી કરવામાં આવી છે.

કોષ્ટક: ૧-ભારતમાં અને ભારતની જનજાતિઓમાં શિક્ષણનું પ્રમાણ :

વર્ષ	ભારતમાં સાક્ષરતાદર (%)	જનજાતિઓમાં સાક્ષરતાદર(%)
૧૯૭૧	૩૪.૪૫	૧૧.૩૦
૧૯૮૧	૪૩.૫૭	૧૬.૩૫
૧૯૯૧	૫૨.૨૧	૨૯.૬૦
૨૦૦૧	૬૪.૮૩	૪૭.૧૦
૨૦૧૧	૭૪.૦૪	૫૮.૯૬

૨૦૨૧	૭૭ થી ૮૦.૯(અંદાજીત)	૭૨.૧(અંદાજીત)

Source: Census of India, Registrar General of India, Educational Development of SCs and STs, 1995,

Department of Education, Ministry of Human Resource Development, GOI, New Delhi.

Census of India, 2001: Provisional Population Totals, Registrar-General & Census Commissioner of India, GOI, New Delhi.

પિરિયોડિક લેબર ફોર્સ સર્વે (PLFS), વર્ષ ૨૦૨૧-૨૨.

ઉપરોક્ત કોષ્ટક નં-૧ આધારે કહી શકાય કે, ભારતના સામાન્ય શિક્ષણ દર કરતા જનજાતિઓમાં શિક્ષણનો દર ઘણો ઓછો જોવા મળે છે. છેલ્લા પાંચ દાયકાના આંકડા જોતાં લાગે છે કે વર્ષ ૧૯૭૧માં ભારતનો સરેરાશ સાક્ષરતા દર ૩૪.૪૫% જેટલો જોવા મળ્યો હતો જયારે ભારતની જનજાતિઓમાં સાક્ષરતા દર માત્ર ૧૧.૩૦% જ હતો. બંને વચ્ચે ૨૩.૧૫% નો તફાવત રહેલો જોવા મળે છે. છેલ્લા ૨૦૧૧ ના સેન્સસના આંકડા જોતાં ભારતનો સરેરાશ સાક્ષરતા દર ૭૪.૦૪% જેટલો જોવા મળે છે જયારે જનજાતિઓમાં ૫૮.૯૬% જ સાક્ષરતા દર વધારી શકાયો છે. ભારતમાં અને ભારતની જનજાતિઓમાં સાક્ષરતા દરમાં ૧૫.૦૮% નો તફાવત આજે પણ છે તેથી કહી શકાય કે જનજાતિઓમાં શિક્ષણની સ્થિતિમાં હજુ સુધારો કરવા માટે ધ્યાન આપવાની જરૂર છે. વર્ષ ૨૦૨૧-૨૨માં સેન્સસની માહિતી ઉપલબ્ધ ન હોવાથી પિરિયોડિક લેબર ફોર્સ સર્વે (PLFS)ના અંદાજીત આંકડાનો ઉપયોગ કરવામાં આવ્યો છે જેમાં પણ ભારતના સાક્ષરતા દર અને જનજાતિઓમાં સાક્ષરતા દરમાં સ્પષ્ટ તફાવત દેખાઈ આવે છે.

વારલી જનજાતિમાં શિક્ષણ :

ભારતમાં જનજાતિઓના ૭૦૦થી વધુ સમુદાયો વસવાટ કરે છે અને આ બધા જ સમુદાયો સામાજિક, આર્થિક અને શિક્ષણના વિકાસના અલગ અલગ તબક્કે ઊભા રહેલા જોવા મળે છે. અહીં વારલી જનજાતિમાં શિક્ષણની સ્થિતિ કેવી છે તે જાણવાનો પ્રયાસ થયો છે. અથોલા ગામમાં ૧૦૧૮ જેટલા કુટુંબો વસવાટ છે. આ ગામની કુલ વસ્તી ૪૬૬૮ જેટલી જોવા મળે છે. તેમાંથી ૩૮૦૭ જનજાતિઓની વસ્તી છે તેમાંથી ૨૦૬ વારલી કુટુંબોની શૈક્ષણિક સ્થિતિ તપાસવામાં આવી. જે નીચેના કોષ્ટકમાં આપવામાં આવી છે:

કોષ્ટક :૨- વારલી જનજાતિમાં શિક્ષણના સ્તર અને ટકાવારી

ક્રમ	શિક્ષણનો પ્રકાર	વારલી કુટુંબોના સભ્યોમાં શિક્ષણનું સ્તર	ટકા
૧.	અશિક્ષિત	૨૬૯	૨૮.૫૨
૨.	પ્રાથમિક	૩૪૧	૩૬.૧૬
૩.	માધ્યમિક	૨૨૮	૨૪.૧૭
૪.	ઉચ્ચતર માધ્યમિક	૭૨	૭.૬૩
૫.	ગ્રેજ્યુએટ(બી.એ./બી.કોમ./બી.એસસી.)	૧૩	૧.૩૭
૬.	પોસ્ટગ્રેજ્યુએટ(એમ.એ./ એમ.કોમ./ એમ.એસસી.)	૦૮	૦.૮૪
૭.	અન્ય પ્રકારનું શિક્ષણ (પી.ટી.સી., બી.એડ., બી.પી.એડ./સી.પી.એડ,ડિપ્લોમા, આઈ.ટી.આઈ)	૧૨	૧.૨૭
	કુલ વ્યક્તિઓ	૯૪૩	૧૦૦

ઉપરના કોષ્ટક -૨ના આધારે નીચે પ્રમાણે તથ્યોને સ્પષ્ટ કરી શકાય તેમ છે:

- વારલી જનજાતિમાં હજુ પણ ૨૮.૫૨% લોકોએ શિક્ષણ મેળવેલું નથી. અર્થાત્ વારલીઓમાં નિરક્ષરતા ઊંચી જોવા મળે છે.

- સૌથી વધુ ૩૬.૧૬% શૈક્ષણિક સ્તરમાં પ્રાથમિક શિક્ષણ મેળવ્યું હોય તેવા વ્યક્તિઓનો સમાવેશ થતો જોવા મળે છે. એનો અર્થ એ થાય છે કે મોટાભાગના લોકો પ્રાથમિક શિક્ષણ લઈને આગળનો અભ્યાસ કરતા નથી.

- માધ્યમિક શિક્ષણ પ્રાપ્ત કર્યું હોય તેવા વ્યક્તિઓનું પ્રમાણ ૨૪.૧૭% જોવા મળે છે. જેમ જેમ શિક્ષણનું સ્તર ઊંચું જતું જાય છે તેમ તેમ ટકાવારી ઘટતી જતી જોવા મળે છે.

- ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ લીધું હોય તેવા માત્ર ૭.૬૩% વ્યક્તિઓ જોવા મળે છે જે ચિંતાજનક બાબત ગણાવી શકાય.

-ગ્રેજ્યુએટ (બી.એ. /બી.કોમ./બી.એસસી.) શિક્ષણનું પ્રમાણ વારલી જનજાતિમાં ૧.૩૭%જોવા મળેલ છે જે ખુબ જ ઓછું કહી શકાય તેમ છે.

-પોસ્ટગ્રેજ્યુએટ (એમ.એ./એમ.કોમ./એમ.એસસી.) સુધીનું શિક્ષણનું પ્રમાણ વારલી જનજાતિમાં ૦.૮૪% જોવા મળ્યું.

- ઉપરના કોષ્ટકમાં અનુક્રમ નં.૭ માં અન્ય પ્રકારના શિક્ષણનો સમાવેશ કરાયો છે. જે વારલી જનજાતિમાં ૧.૨૩% જેટલું જ જોવા મળે છે. ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ અને અન્ય પ્રકારના શિક્ષણમાં વારલી જનજાતિનું પ્રમાણ ખૂબ જ ઓછું જોવા મળે છે.

- પ્રાપ્ત માહિતીના આધારે સ્પષ્ટ કહી શકાય કે અભ્યાસ હેઠળના વારલી જનજાતિમાં શિક્ષણ ક્ષેત્રે પ્રાથમિક શિક્ષણ લીધું હોય તેવા વ્યક્તિઓનું પ્રમાણ સૌથી વધારે જોવા મળે છે. ત્યારબાદ જેમ જેમ શિક્ષણનું સ્તર ઉપર જતું જાય છે તેમ તેમ શિક્ષણનું પ્રમાણ ઓછું થતું જાય છે. તેથી કહી શકાય કે વારલી જનજાતિમાં હજુ પણ ઉચ્ચ શિક્ષણ પ્રત્યે જાગૃતતાનો અભાવ છે. તથા આર્થિક પરિસ્થિતિના લીધે ઊચ્ચ શિક્ષણ પ્રત્યે ઉદાસીનતા જોવા મળે છે.

વારલી જનજાતિમાં શિક્ષણ સાથે સંબંધિત સમસ્યાઓ:

- વારલી જનજાતિ ગુજરાત, દાદરા નગર હવેલી, મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં વસતો એક આદિવાસી સમુદાય છે. દાદરા નગર હવેલીમાં વસતા વારલી જનજાતિમાં અહીં શિક્ષણની સ્થિતિ તપાસવામાં આવી છે. વારલી જનજાતિમાં શિક્ષણની સ્થિતિ આટલી નબળી કેમ છે તેની સાથે કઈ સમસ્યાઓ સંબંધિત છે તે જાણવાના પ્રયાસ કરવામાં આવ્યો છે જે નીચે મુજબ સ્પષ્ટ કરી શકાય તેમ છે.
- વારલી આદિવાસીઓમાં ગરીબી અને નબળી આર્થિક સ્થિતિ શિક્ષણ મેળવવા માટે સમસ્યા બની રહે છે. ઘણા વારલી જનજાતિના પરિવારો ખેતી અને દૈનિક મજૂરી પર નિર્ભર છે. બાળકો ઘણીવાર શાળાએ જવાને બદલે ખેતીકામ, ઘરકામમાં મદદ કરે છે. ગણવેશ, પુસ્તકો અને પરિવહનનો ખર્ચ શિક્ષણ ચાલુ રાખવામાં અવરોધરૂપ બની શકે છે. દાદરા અને નગર હવેલી વિસ્તારમાં કંપનીઓ સારા એવા પ્રમાણમાં આવેલી છે જે લોકો માટે રોજગારી ઉભી કરે છે પરંતુ ઘણા ઓછા લોકોએ ઊચ્ચ શિક્ષણ લીધું હોય છે તેથી સારી આવક આપે તેવી નોકરી પણ મળતી નથી. વળી અહીં ખેતીની મજૂરી ઘણી વધુ છે તેથી અહીના આદિવાસીઓ પોતે

જ ખેતીમાં કામ કરી લેતા હોય છે મજૂર બોલાવતા નથી અથવા તો મજૂરીમાં સાટાપદ્ધતિનો ઉપયોગ કરે છે મજૂરીના બદલામાં મજૂરી. તેના કારણે શિક્ષણ પર ઓછું ધ્યાન આપતા જોવા મળે છે.

- ઊંચો અપવ્યય દર પણ વારલી બાળકોના શિક્ષણ માટે મહત્વની સમસ્યા બની રહે છે. વિદ્યાર્થીઓ, ખાસ કરીને છોકરીઓ, ઘણીવાર માધ્યમિક શિક્ષણ પૂર્ણ કરતાં પહેલાં શાળા છોડી દે છે. સામાન્ય કારણોમાં ઘરની જવાબદારીઓ, વહેલા લગ્ન અને આર્થિક મુશ્કેલીઓનો સમાવેશ થાય છે. આ રીતે નાની વયમાં લગ્ન કે ઘરની જવાબદારી શિક્ષણ પર નકારાત્મક અસર પાડે છે.
- ભાષાકીય સમસ્યાના લોધે પણ અમુક બાળકો શાળાએ જતાં સમસ્યા અનુભવે છે. તેઓ ગુજરાતી કે મરાઠી કે અંગ્રેજી ભાષાને શાળાના શરૂઆતના વર્ષોમાં સમજી શકતા નથી. વારલી સમુદાયના ઘણા નાનાં બાળકો ઘરે વારલી ભાષા અથવા સ્થાનિક આદિવાસી બોલીઓ બોલે છે. શાળામાં શિક્ષણ સામાન્ય રીતે મરાઠી, ગુજરાતી કે અંગ્રેજી ભાષામાં આપવામાં આવે છે, જેના કારણે શરૂઆતના વર્ષોમાં બાળકો માટે પાઠ સમજવા મુશ્કેલ બને છે.
- શૈક્ષણિક સુવિધાઓનો અભાવ પણ શિક્ષણમાં નડતી મહત્વની સમસ્યા ગણાવી શકાય તેમ છે. આદિવાસી વિસ્તારોમાં સેવા આપતી કેટલીક શાળાઓમાં અપૂરતા વર્ગખંડો, મર્યાદિત શિક્ષણ સામગ્રી, નબળી સ્વચ્છતા અને અવિશ્વસનીય વીજળી હોય છે. ડિજિટલ શિક્ષણ સંસાધનો અને ઇન્ટરનેટ ઍક્સેસ ઘણીવાર મર્યાદિત હોય છે. ડુંગરાળ વિસ્તારોમાં ઉનાળામાં પાણીની તંગી જેવી સમસ્યાઓ શિક્ષણ પર અસર કરે છે.
- શિક્ષકોની અછત અને ગેરહાજરી પણ શિક્ષણને અસર કરતી સમસ્યા છે. દૂરના શાળાઓમાં ખૂબ ઓછા શિક્ષકો હોઈ શકે છે. શિક્ષકોને આદિવાસી વિદ્યાર્થીઓ સાથે કામ કરવા અથવા સાંસ્કૃતિક રીતે સંબંધિત શિક્ષણ પદ્ધતિઓનો ઉપયોગ કરવા માટે તાલીમ આપવામાં આવી ન હોય શકે. વળી, ઘણી શાળાઓમાં પૂરતા શિક્ષકો હોતા નથી જે વિદ્યાર્થીઓનો શિક્ષણમાં રસ ઘટાડે છે.
- માતાપિતામાં સાક્ષરતાનું પ્રમાણ ઓછું પણ બાળકોના નબળા શિક્ષણ કે શાળા છોડી દેવા માટેનાં કારણોમાંથી એક ગણાવી શકાય. કેટલાંક માતાપિતાને ઔપચારિક શિક્ષણની મર્યાદિત પહોંચ હોય છે. આનાથી બાળકોને શિક્ષણમાં મદદરૂપ થઇ શકે તેમ નથી. માતાપિતા અભણ હોય કે ઓછું ભણેલાં હોય તો બાળકોની શિક્ષણ સાથે સંબંધિત કાંઈ સમસ્યા હોય તો તે સમજીને દૂર કરવા માટે અક્ષમ હોય છે. બાળકને ભણવામાં કોઈ તકલીફ પડતી હોય તો માતાપિતા તે સમજી શકતા નથી.

- લિંગ અસમાનતા પણ શિક્ષણને નડતી સમસ્યાઓમાંથી એક છે. જેમ કે, છોકરીઓ ઘરેલું જવાબદારીઓ, શાળાએ જતી વખતે સલામતીની ચિંતાઓ અને શિક્ષણ કરતાં ઘરકામને પ્રાથમિકતા આપતી સામાજિક અપેક્ષાઓ જેવા વધારાના અવરોધોનો સામનો કરી શકે છે. જેની અસર તેમના દીકરીઓના શિક્ષણ ઉપર પડે છે.
- વારલી બાળકોમાં ઊચ્ચ શિક્ષણની તકો અંગે મર્યાદિત જાગૃતિ જોવા મળે છે. આગળના અભ્યાસ માટેના વિવિધ વિકલ્પો અને પોતાના ગામ કે શહેરથી દૂર છાત્રાલયોમાં રહીને પણ અભ્યાસ કરી શકાય જેવી બાબતો વિશે પુરતી માહિતી હોતી નથી અથવા પૂરતી જાણકારી હોતી નથી. પરિણામે નજીકમાં જેટલાં ધોરણ સુધીનું શિક્ષણ ઉપલબ્ધ હોય તેટલું જ ભણીને કામ-ધંધો કે મજૂરીમાં જોડાઈ જાય છે. વધુ ઊચ્ચ અભ્યાસ માટે વિચારતા નથી. ઘણા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ, વ્યાવસાયિક તાલીમ અને કારકિર્દીના વિકલ્પો વિશે માહિતીનો અભાવ હોય છે. વળી તેમના સમુદાયમાંથી બહુ ઓછા રોલ મોડેલોએ ઊચ્ચ શિક્ષણ મેળવ્યું છે.

આમ, વારલી જનજાતિમાં શિક્ષણના અને ખાસ કરીને ઉચ્ચ શિક્ષણના મહત્વ વિશેની જાગૃતતા ઓછી જોવા મળે છે. વારલી જનજાતિના બાળકો નબળી આર્થિક સ્થિતિના લીધે ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે વધુ રસ ધરાવતા નથી તેઓ મજૂરી કે કામદાર તરીકે વહેલા જોડાઈને માં-બાપને આર્થિક રીતે મદદરૂપ બનતા હોવાનું જોવા મળે છે. અહીના માતા-પિતા કામ-ધંધો કે મજૂરીમાં વ્યસ્ત રહેતા હોવાથી બાળકના શિક્ષણ માટે માતા-પિતાની સજાગતા ઓછી જોવા મળી હતી. શિક્ષણ અધવચ્ચે છોડી દેનાર બાળકો નાપાસ થયા પછી ફરીથી શાળામાં જવા માંગતા નથી. પરિણામે શિક્ષણના અપવ્યયમાં વધારો થાય છે. કુટુંબની આવકમાં મદદરૂપ થવા કંપનીમાં કામદાર તરીકે જોડાવા માટે બાળકો શિક્ષણ છોડી દેતા હોવાનું પણ જાણવા મળે છે.

આ સંશોધન પેપર જનજાતિઓની નિરક્ષરતાની સમસ્યાને દૂર કરવા માટે ઉપયોગી બની શકે તેમ છે. જનજાતિઓમાં શિક્ષણનું પ્રમાણ વધારવા માટે તેમની સાથે સંકળાયેલી ગરીબી, બેરોજગારી, દેવું જેવી સમસ્યાઓને દૂર કરવી પડશે. જનજાતિઓનું ઉચ્ચ શિક્ષણમાં પ્રમાણ વધે તે માટેના પ્રયાસો કરતી એન.જી.ઓ. અને વહીવટકર્તાઓને આ અભ્યાસ ઘણો ઉપયોગી બની રહેશે. સરકારી વિભાગો તથા સ્વૈચ્છિક સંગઠનોને વારલી જનજાતિમાં જોવા મળતી શિક્ષણ સંબંધિત સમસ્યાઓને સમજવામ માટે ઉપયોગી માહિતી મળી રહેશે.

ભારતના જનજાતિઓના ઘણા પાયાના પ્રશ્નો અને સમસ્યાઓનો નિકાલ હજુ કરી શકાયો નથી તેથી નિરક્ષરતા પણ એક મોટી સમસ્યા બનીને ઊભી છે. ભારતના જનજાતિઓ જળ, જંગલ અને જમીન સાથે નજીકનો નાતો ધરાવે છે. તેથી તેમના પાયાના પ્રશ્નો પણ તેની સાથે સંકળાયેલા છે. જનજાતિઓને

આધુનિક શિક્ષણ તેમના સામાજિક-આર્થિક જીવનમાં વધુ ઉપયોગી બનતું નથી તેથી આધુનિક શિક્ષણમાં વધુ રસ ધરાવતા નથી વળી, તેમના ગરીબી, બેરોજગારી, અલ્પપોષણ જેવા પ્રશ્નો ગંભીર છે. આ બધા કારણોસર તેઓ શિક્ષણ પ્રત્યે વધુ રસ દાખવતા નથી. મિશનરીઓના પ્રયાસોથી જનજાતિઓના કેટલાક વિસ્તારોમાં જનજાતિઓએ શિક્ષણ મેળવ્યું છે કેટલાક વિસ્તારોમાં તો શૈક્ષણિક સંસ્થાઓનો અભાવ જોવા મળે છે. ઉપરાંત જનજાતિઓ માટે શિક્ષણનું માધ્યમ, ભાષાની સમસ્યા, સંસ્થાઓમાં સુવિધાનો અભાવ, શિક્ષકોની ગેરહાજરી જેવા પ્રશ્નો પણ છે. આ બધા કારણોસર જનજાતિઓમાં શિક્ષણનો વિકાસ સરળ બનતો નથી. શાહ (૧૯૬૪) "જનજાતિઓના પ્રશ્નો" પુસ્તકમાં જનજાતિઓના શિક્ષણ અંગેની સમિતિઓ વિશે અને દુબે (૨૦૧૦) "ભારતીય જનજાતિ"-નૃવૈજ્ઞાનિક દ્રષ્ટિમેં પુસ્તકમાં રાજી જનજાતિની વિવિધ સમસ્યાનો અભ્યાસ કરીને જણાવે છે કે ગરીબી, બેરોજગારી જેવી સમસ્યાઓના કારણે તેમને શિક્ષણમાં રસ ન હોવાનું નોંધે છે.

અથોલા ગામમાં દરેક ફળિયામાં પ્રાથમિક શાળા આવેલી છે. પરંતુ માધ્યમિક શિક્ષણ માટે બાજુના ગામ ગલોંડામાં હાઈસ્કૂલના અભ્યાસ માટે જવું પડે છે. જો કે ધોરણ દસમાં નાપાસ થયા પછી મોટાભાગના બાળકો આગળ અભ્યાસ કરતા નથી. અથોલા ગામમાં ત્રણ કંપની આવેલી છે જેમાં આ ગામના લોકો અર્ધ કુશળ કે અકુશળ કામદાર તરીકે જોડાય છે. તેમને પાંચ હજારથી લઈને દસ કે પંદર હજાર સુધીનું વેતન મળે છે.

પ્રસ્તુત અભ્યાસના આધારે સ્પષ્ટ થાય છે કે વારલી જનજાતિમાં નિરક્ષરતા ૨૮.૫૨% જેટલી જોવા મળે છે. વારલી જનજાતિમાં શિક્ષિત વ્યક્તિઓમાં પણ પ્રાથમિક શિક્ષણ પામેલા વધુ જોવા મળ્યા જયારે માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ અને અન્ય પ્રકારનું શિક્ષણ ઓછું જોવા મળે છે.

આમ, વારલી જનજાતિમાં શિક્ષણના વિકાસ થાય અને શિક્ષણનું સ્તર સુધરે તે માટે વાલીઓ અને બાળકો શિક્ષણનું મહત્વ સમજે તેવા પ્રયાસો કરવા મહત્વપૂર્ણ બની રહે તેમ છે. શિક્ષણ મેળવવા માટે તેમને પડતી મુશ્કેલીઓને દૂર કરવાના પ્રયાસો કરીને શિક્ષણનું પ્રમાણ અને સ્તર વધારી શકાય એવું લાગે છે. વાલીઓ અને બાળકોને ઊચ્ચ શિક્ષણ અને તેના ફાયદાઓ વિશે જાગૃત કરીને બાળકોને ઊચ્ચ શિક્ષણ માટે પ્રેરણા આપી શકાય તેમ છે. તેના માટે ધોરણ દસ માં અને ધોરણ બારમાં ભણતા વિદ્યાર્થીઓ અને વાલીઓને ઊચ્ચ શિક્ષણ માટે માર્ગદર્શન અને સમજાવટ દ્વારા કોલેજ અને અન્ય ઊચ્ચ શિક્ષણ વિશે માહિતગાર કરીને પ્રેરિત કરી શકાય તેમ છે જેથી વિદ્યાર્થીઓ ઊચ્ચ અભ્યાસ માટે તૈયાર થાય. શાળાઓની ભૌતિક સુવિધાઓમાં વધારો કરીને તથા દીકરીઓ માટે સુરક્ષિત શાળાનું વાતાવરણ પૂરું પાડીને તથા ભણવા માટે પહોંચવામાં સુગમતા અને સુવિધાઓ મળી રહે તે રીતે યોગ્ય અંતરે શાળાઓ સ્થાપીને શિક્ષણના દરમાં વધારો કરી શકાય તેમ છે. વળી ઊચ્ચ શિક્ષણ માટે વિવિધ વિકલ્પો મળી રહે તથા તે વિશે વિદ્યાર્થીઓ અને વાલીઓને પણ જાગૃત કરવામાં આવે તો ઊચ્ચ અભ્યાસ માટે પ્રેરિત કરી શકાય

તેમ છે. સરકારી પહેલ અને સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રયાસોને કારણે હાલના વર્ષોમાં વારલી જનજાતિમાં શિક્ષણમાં સુધારો થયો છે. જોકે, ગરીબી, ભૌગોલિક અલગતા, ભાષાકીય તફાવતો અને અપૂરતી શૈક્ષણિક માળખા જેવા પડકારો શૈક્ષણિક પહોંચ અને સિદ્ધિને અસર કરતા રહે છે. સાંસ્કૃતિક રીતે પ્રતિભાવશીલ શિક્ષણ, વધુ સારા માળખાગત સુવિધાઓ અને સતત સમુદાય સહાય દ્વારા આ મુદ્દાઓને સમજવાથી વારલી બાળકો માટે શૈક્ષણિક પરિણામો સુધારવામાં મદદ મળી શકે છે.

સંદર્ભ:

-દુબે, ગિરિજાપ્રસાદ (૨૦૧૦) "ભારતીય જનજાતિ"-નૃવૈજ્ઞાનિક દ્રષ્ટિમેં" નઇ દિલ્લી: અર્જુન પબ્લિશિંગ હાઉસ.

-મુસ્તાલી, મસવી. (1983). ગુજરાતના આદિવાસીની અર્થવ્યવસ્થા. અમદાવાદ: ગુજરાત વિદ્યાપીઠ.

-પંડ્યા, ગૌરીશંકર. (1992). વારલી જાતિનો સમાજમાનવશાસ્ત્રીય અભ્યાસ. અમદાવાદ: ગુજરાત વિદ્યાપીઠ.

-શાહ, વિમલ. (1964). પ્રથમ આવૃત્તિ. જનજાતિઓના પ્રશ્નો. અમદાવાદ : ગુજરાત વિદ્યાપીઠ.

- websites:

-http://www.census2011.co.in/literacy.php Retrieved on 26, Aug.2017

http://planningcommission.nic.in/plans/planrel/fiveyr/10th/volume2/v2_ch4_2.pdfRet Retrieved on 26, Aug.2017.

https://www.pib.gov.in/PressReleasePage.aspx?PRID=2144336&reg=48&lang=2

Census of India, Registrar General of India, Educational Development of SCs and STs, 1995, Department of Education, Ministry of Human Resource Development, GOI, New Delhi.

Census of India, 2001: Provisional Population Totals, Registrar-General & Census Commissioner of India, GOI, New Delhi.

પિરિયોડિક લેબર ફોર્સ સર્વે (PLFS), વર્ષ ૨૦૨૧-૨૨.